કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝપેપર | Digital Copy | जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 5 | 11 July 2025 | Sugnesh Patel | garvigujrat2025@gmail.com | CANADA |

# PM મોદીને નામિબિયાનો સર્વોચ્ચ નાગરિક એવોર્ડ

## આ નામિબિયા અને ભારતના લોકોને સમર્પિત છે :વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## 7 દિવસમાં ચોથો, અત્યાર સુધીનો 27મો આંતરરાષ્ટ્રીય એવોર્ડ

PM નરેન્દ્ર મોદીને બુધવારે નામિબિયાનો સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શિયા મિરાબિલિસ' એનાયત કરવામાં આવ્યો. નામિબિયાના રાષ્ટ્રપતિ ડૉ. નેતુમ્બો નંદી-નદૈતવાહએ તેમને આ સન્માન આપ્યું.



મોદીએ કહ્યું, 'હું આ સન્માન નામિબિયા અને ભારતના લોકો અને આપણી અતૂટ મિત્રતાને સમર્પિત કરું છું. બંને દેશો સ્વતંત્રતા સંગ્રામથી એકબીજાની સાથે ઉભા રહ્યા છે. ભવિષ્યમાં પણ આપણે વિકાસના માર્ગ પર એકબીજાનો હાથ પકડીને આગળ વધતા રહીશું.'

વડાપ્રધાને કહ્યું, 'નામિબિયા વિશ્વના સૌથી મોટા હીરા ઉત્પાદકોમાંનું એક છે અને ભારતમાં સૌથી મોટો ડાયમંડ પોલિશિંગ ઉદ્યોગ છે, તે પણ મારા ગૃહ રાજ્ય ગુજરાતમાં. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં, આપણી ભાગીદારી પણ આ હીરાની જેમ ચમકશે.'

PM મોદી આજે એક દિવસ માટે નામિબિયામાં છે. આ મુલાકાત 2 જુલાઈથી 10 જુલાઈ સુધી 5 દેશો- ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાની તેમની મુલાકાતનો એક ભાગ છે. છેલ્લા 7 દિવસમાં તેમને 4 દેશો દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત કરવામાં આવ્યું છે. પીએમ તરીકે મોદીનો આ 27મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.

મોદી અહીં રાષ્ટ્રપતિ નેટુમ્બો નંદી-નદૈત્વાને મળશે. બંને દેશો વચ્ચે હીરાના વ્યવસાય, આવશ્યક ખનિજો અને યુરેનિયમ પુરવઠા પર ચર્ચા થવાની અપેક્ષા છે.

આ ઉપરાંત, મોદી નામિબિયાની સંસદને પણ સંબોધિત કરશે. મોદીની નામિબિયા મુલાકાત 2 જુલાઈથી 10 જુલાઈ સુધીની તેમની 5 દેશોની મુલાકાતનો એક ભાગ છે, જેમાં ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાનો સમાવેશ થાય છે. નામિબિયા હીરા, યુરેનિયમ, તાંબુ, ફોસ્ફેટ અને અન્ય ખનિજોથી સમૃદ્ધ દેશ છે.

પીએમ મોદી પહેલા, તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી 1998માં નામિબિયાની મુલાકાતે ગયા હતા. 1990ની શરૂઆતમાં, તત્કાલીન વડા પ્રધાન વી પી સિંહ, ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી અને ઘણા ઉચ્ચ કક્ષાના નેતાઓએ નામિબિયાના સ્વતંત્રતા દિવસ પર તેની મુલાકાત લીધી હતી.

# દિલ્હીમાં ભારે વરસાદ, 6 ફ્લાઈટ્સ ડાયવર્ટ

## ગુરુગ્રામમાં ગાડીઓ તરવા લાગી; મધ્યપ્રદેશ-હરિયાણામાં નદીમાં ડૂબવાથી 6 બાળકોના મોત

દિલ્હી-NCRમાં આજે ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બુધવારે ખરાબ હવામાનને કારણે 6 ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. 4 ફ્લાઈટ્સ જયપુર અને 2 ફ્લાઈટ્સ લખનઉ ડાયવર્ટ કરવામાં આવી હતી. કેટલીક ફ્લાઈટ્સના રૂટ બદલવામાં આવ્યા હતા. કેટલીક ફ્લાઈટ્સ મોડી પણ પડી હતી. ભારે વરસાદને કારણે દિલ્હીના ઘણા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો હતો.

## Happy Birthday

*આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિ:શુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.*

# અમેરિકાને સમૃદ્ધ બનાવી રહ્યા છે ભારતીય ઈમિગ્રન્ટ્સ

## અમેરિકામાં મોટાભાગના ભારતીય મૂળના અબજોપતિઓ લગભગ 25 લાખ કરોડનો ટેક્સ ચૂકવે છે

ભારતીય ઈમિગ્રન્ટ્સ અમેરિકાને વધુ ધનવાન બનાવી રહ્યા છે. ભારતીયોમાં હવે સૌથી વધુ વિદેશી મૂળના અબજોપતિઓ ત્યાં રહે છે. ફોર્બ્સે અમેરિકામાં રહેતા 125 સૌથી ધનિક વિદેશી મૂળના નાગરિકોની યાદી બહાર પાડી છે. આ યાદીમાં, ભારત 12 અબજોપતિઓ સાથે ટોચ પર છે, જે ઈઝરાયલ, ચીન અને તાઈવાનને પાછળ છોડી દે છે.



અમેરિકામાં રહેતા 51 લાખથી વધુ ભારતીય-અમેરિકનો દર વર્ષે અમેરિકન અર્થતંત્રમાં 250-300 અબજ ડોલરનું યોગદાન આપે છે, જે લગભગ 25 લાખ કરોડ રૂપિયા કર તરીકે ચૂકવે છે. આ અમેરિકાના કુલ કરના 5-6% છે. અમેરિકામાં સૌથી ધનિક ભારતીય જય ચૌધરી છે. તેમની કુલ સંપત્તિ 17.6 અબજ ડોલર એટલે કે 150 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

આ યાદીમાં, દક્ષિણ આફ્રિકાથી અમેરિકામાં સ્થાયી થયેલા ઈલોન મસ્ક પ્રથમ ક્રમે છે. તેમની કુલ સંપત્તિ 33.82 લાખ કરોડ રૂપિયા છે. બીજા ક્રમે રશિયાના સેર્ગેઈ બ્રિન છે જેમની કુલ સંપત્તિ 11.97 લાખ કરોડ રૂપિયા છે. ત્રીજા ક્રમે તાઈવાનના જેન્સેન હુઆંગ છે. તેમની કુલ સંપત્તિ 12.24 લાખ કરોડ રૂપિયા છે.

ભારતીય ઈમિગ્રન્ટ્સની સરેરાશ વાર્ષિક આવક લગભગ રૂ. 1.4 કરોડ છે. આ વ્યાવસાયિકો અને ઉદ્યોગપતિઓ અમેરિકામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે 1-2 કરોડ નોકરીઓનું સર્જન પણ કરે છે.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**12 જુલાઈ શનિવારથી 18 જુલાઈ શુક્રવાર**

**મેષ રાશિ અ, લ, ઈ** આ સપ્તાહ તમારાં પરિવાર માટે લાભદાયી રહેશે, આ સમયે તમારી ક્ષમતાઓને ઓળખશો. વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવન પર સકારાત્મક પ્રભાવ મળશે. પરંતુ કેટલાંક મામલે આ સપ્તાહ તમારાં ધૈર્યની પરીક્ષા પણ લઇ શકે છે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** તમારાં અંગત જીવન માટે લાભદાયી રહેશે, કેટલાંક સારા અવસર મળશે જે તમારાં કરિયરમાં મહત્વપૂર્ણ સુધાર લાવી શકે છે. જીવનના લક્ષ્યોને સમજી તેના પર કામ કરવાનું શરૂ કરી દો. સમયની સાથે પરિવારના સભ્યો સાથે સંબંધોમાં સુધાર જણાવશે.

**મિથુન રાશિ ક, છ, ઘ** કેટલાંક સ્તરો ર ઉત્તમ રહેશે, વ્યક્તિગત અને વ્યાવસાયિક સફળતા પ્રાપ્ત કરવામાં સક્ષમ રહેશો. આધ્યાત્મિક ઓળખ મળશે, આ જ એક માત્ર રીત છે જેનાથ માનસિક શાંતિ અને સંતુષ્ટી મળશે. નવા લોકો જીવનમાં મૈત્રીપૂર્ણ રીતે સામેલ કરશો.

**કર્ક રાશિ ડ, હ** તમે નિશ્ચિંત બનીને જીવનનો આનંદ લેશો, આ જ પ્રકારે અશાંતિથી બચી પણ શકશો. લાભદાયી પરિણામ પ્રાપ્ત કરવા માટે વધુ મહેનત કરવાની સલાહ છે. માતા પિતા સાથે સંબંધો તણાવપૂર્ણ રહી શકે છે. વ્યાવહારિક સમાધાન શોધવા માટે પરિપક્વતાથી કાર્ય કરવાના પ્રયાસ કરો.

**સિંહ રાશિ મ, ટ** તમારાં માટે ભાગ્યશાળી રહેશે, કેટલાંક એવા અવસરો પ્રાપ્ત થશે જેમાં વિરોધીઓને હરાવી તમારું સ્થાન સ્થાપિત કરવામાં સફળ રહેશો. જીવનમાં નવી શરૂઆતની પ્રતિક્ષા કરવાની આવશ્યકતા છે. કાર્યસ્થળે અને પરિવારમાં નાની નાની વાતોને નજરઅંદાજ કરતા શીખો.

**કન્યા રાશિ પ, ઠ, ણ** કન્યા રાશિ માટે આ સપ્તાહ સારું રહેશે, ખાસ કરીને એવા સમયમાં જ્યારે જીવનને લઇ ઉદાસીનતાનો અનુભવ કરી રહ્યા હોવ તેનાથી બચવાની એક માત્ર રીત છે કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું. પરિવારને એકસાથે લાવવાના દરેક સંભવ પ્રયાસ કરો.

**તુલા રાશિ ર, ત** તમે અગાઉ જે પણ પડકારોનો સામનો કર્યો છે તેનો જીવન પર સકારાત્મક પ્રભાવ લઇને આવશે. પાર્ટનર સાથે સારા સંબંધો સ્થાપિત કરશો જેથી નકારાત્મકતાને દૂર કરી શકો. સુનિશ્ચિત કરો કે એકબીજા સાથે વાતચીત દ્વારા વ્યાવહારિક સમાધાન શોધવાના પ્રયાસ કરો.

**વૃશ્ચિક રાશિ ન, ય** તમારાં વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનને સર્વોત્તમ સંભવ રીતે વ્યવસ્થિત કરી શકે છે. જેની સ્પષ્ટ અસર માનસિક સ્વાસ્થ્ય અને સંતુષ્ટિ પર જોવા મળશે. પરિવારમાં ખાસ કરીને વડીલો અને માતા પિતાની સલાહ મદદરૂપ રહેશે. નોકરીયાત વર્ગને કામકાજ સુચારુ રીતે કરવાની સલાહ છે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** જીવનમાં વિશ્વાસ અને આત્મવિશ્વાસ લાવશે. પ્રિયજનોની આશ્ચર્યજનક રીતે મદદ મળશે, જેથી વ્યાવસાયિક જીવનને યોગ્ય ઢબે સંતુલિત કરી શકશો. પાર્ટનર સાથે સંબંધો બનાવવા માટે ખાસ સમય છે. તમારી પરેશાનીઓને દૂર કરવા અને પ્રભાવી રીતે સંવાદ કરવામાં સક્ષમ રહેશો.

**મકર રાશિ ખ, જ** કોઇની સાથે ઉગ્ર ચર્ચા ટાળો, નહીં તો ગંભીર પરિણામો આવી શકે છે. વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનમાં કેટલાંક મામલે નિરાશા હાથ લાગી શકે છે, જેના કારણે ઉદાસ રહેશો. જો કે, થોડાં સમય બાદ સ્થિતિ અનુકૂળ બનશે. પાર્ટનર સાથે ક્વોલિટી ટાઇમ પસાર કરશો.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** તમારાં માટે લાભદાયી રહેશે, કેટલાંક અવસરોમાં શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરશો. જૂની ભૂલોથી સબક શીખો, જેથી જીવનને સ્પષ્ટ રીતે સમજવામાં મદદ મળશે. અંગત જીવન ઉત્સવ અને સૌભાગ્યથી ભરપૂર રહેશે. સફળતા પ્રાપ્ત કરવા માટે દરેક પળનો આનંદ લો.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** કોઇ કામમાં મોટી સફળતા પ્રાપ્ત થઇ શકે છે. બચત યોજનાઓમાં રોકાણ કરી શકશો. સપ્તાહના દિવસો જીવનમાં સૌભાગ્ય અને સફળતા લઇને આવશે. તેમ છતાં નાની નાની પરેશાનીઓ અને મુશ્કેલીઓ રહી છે. તેથી નકારાત્મકતાથી બચવાની સલાહ છે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

# તંત્રી લેખ

ગુરુપૂર્ણિમાના આ પવિત્ર પર્વની હાર્દિક શુભકામનાઓ!

આ શુભ દિવસે આપણે સૌ આપણા ગુરુજનોને યાદ કરીએ છીએ, જેમણે આપણા જીવનને ઘડવામાં અને સાચો માર્ગ બતાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગુરુ એટલે ફક્ત શિક્ષણ આપનાર નહીં, પણ જીવનના અંધકારમાં જ્ઞાનનો દીપ પ્રગટાવનાર પ્રકાશપુંજ. તેઓ આપણા માટે પ્રેરણાનો સ્ત્રોત છે, જેમના માર્ગદર્શનથી આપણે સફળતાના શિખરો સર કરી શકીએ છીએ.



ગુજરાતની ભૂમિ સંતો, મહંતો અને જ્ઞાનીઓની ભૂમિ રહી છે, જેમણે પેઢી દર પેઢી જ્ઞાનનો વારસો આપ્યો છે. આજે કેનેડામાં વસતા ગુજરાતીઓ પણ આ સંસ્કાર અને જ્ઞાનને જાળવી રાખી રહ્યા છે, અને આપણી નવી પેઢીને તેનાથી પરિચિત કરાવી રહ્યા છે. ગુરુપૂર્ણિમાનો આ દિવસ આપણને ગુરુ-શિષ્ય પરંપરાના મહત્ત્વને ફરીથી યાદ કરાવે છે, અને આપણા ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક આપે છે.

આ પવિત્ર દિવસે, ચાલો આપણે સંકલ્પ કરીએ કે આપણે આપણા ગુરુજનોના આશીર્વાદ અને તેમના આપેલા જ્ઞાનનો સદુપયોગ કરીશું. તેમના માર્ગદર્શનને અનુસરીને આપણે સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં આપણું યોગદાન આપીશું.

ફરી એકવાર, સર્વેને ગુરુપૂર્ણિમાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

**આપનો આભાર.**
**તંત્રી, સુગ્નેશભાઈ પટેલ**
**ગરવી ગુજરાત**




# Guru Purnima

**Saturday, July 12, 2025 and Sunday, July 13, 2025 @4:00 pm onwards**

*Guru Purnima (Vyas Purnima), is celebrated on Ashadh Sud Poonam, the day of the full moon in the month of Ashadh. On this day, Hindus remember Ved Vyas, the eternal guru of Hindu Sanatan Dharma, as he classified the 4 Vedas (Rig, Yajur, Sama, and Atharva) and wrote the Mahabharata and 18 Puranas. Guru, a Sanskrit word, comes from the root words 'gu' meaning darkness or ignorance, and 'ru' meaning remover of that darkness.*

*A guru is one who removes our darkness in the form of ignorance, helps us overcome maya, and guides us on the path to realizing Bhagwan. Join us in offering guru bhakti, our devotion, and earnest prayers, to His Holiness Mahant Swami Maharaj, with bhajans, video presentations and spiritual discourses by swamis and youth.* - baps.org



I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

## જ્ઞાન ત્રણ રીતે મળી શકે છે.

# એક મનોમંથન’ થી જે ‘સૌથી શ્રેષ્ઠ’ છે બીજું ‘ અનુસરણ’ થી જે ‘સરળ’ છે અને.. ત્રીજું ‘અનુભવ’થી જે ‘સૌથી કડવું’ હોય છે

જ્ઞાન મેળવવાના ત્રણે માર્ગો: મનન, અનુસરણ અને અનુભવ

જ્ઞાન એ માનવ જીવનનો આધારસ્તંભ છે. જ્ઞાન વિના જીવન અધૂરું છે. પરંતુ જ્ઞાન મેળવવાની રીતો ઘણી હોય છે. તેમાં ત્રણે મુખ્ય રીતો એવી છે - મનનમંથન, અનુસરણ અને અનુભવ. દરેક રીતનું પોતાનું મહત્વ છે અને દરેક રીત એક વિશિષ્ટ પાઠ આપે છે.

પ્રથમ રીત છે મનનમંથન - વિચારવિમર્શ, વિચારશીલતા. જ્યારે કોઈ વિષય પર ઊંડો વિચાર કરવામાં આવે છે, ત્યારે આપણું મગજ સક્રિય થાય છે. જુદી-જુદી દૃષ્ટિથી વિષયને સમજવાનો પ્રયાસ થાય છે. તે જ્ઞાન દ્રઢ અને યથાર્થ બને છે. મનનમંથન દ્વારા મળેલું જ્ઞાન સૌથી શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે તે વ્યક્તિને આત્મનિર્ભર બનાવે છે. પ્રશ્ન કરવો, વિચારવો અને જવાબ શોધવો એ જ્ઞાનની ઊંડાણ તરફ લઈ જાય છે.



લેખક- ભરતભાઈ ભાનુશાલી
વિસનગર ગુજરાત

બીજી રીત છે અનુસરણ - અનુસરો અને શીખો. ગુરૂજનો કે અનુભવી લોકો જે માર્ગે ચાલ્યા છે, તે માર્ગને આપણે પણ અનુસરીએ તો જ્ઞાન સરળતાથી પ્રાપ્ત થાય છે. દરેક વસ્તુ શરુઆતમાં સમજવી કઠિન હોય, પણ જો કોઈ સારા માર્ગદર્શકની સાથે છીએ, તો ભટકાવાની શક્યતા ઓછી રહે છે. અનુસરણથી મળતું જ્ઞાન સરળ હોય છે, કેમ કે કોઈએ પહેલેથી જ માર્ગ બનાવેલો હોય છે.

ત્રીજી રીત છે અનુભવ - અનુભવ જીવનનો સૌથી સખત ગુરૂ છે. ક્યારેક જીવન પોતે toughest teacher બને છે. આપણે ભૂલ કરીએ, ગમે ત્યારે નુકશાન ભોગવીએ, દુખ ભોગવીએ, અને એમાંથી જે શીખીએ - એ જ છે સાચું અનુભવથી મળેલું જ્ઞાન. એ કડવું હોય છે, કારણ કે તેનું મૂલ્ય ભોગવીને ચૂકવવું પડે છે. છતાં, એ જ્ઞાન લાંબો સમય રહે છે અને જીવનના દરેક પડાવમાં ઉપયોગી બને છે.

આ ત્રણે રીતોમાંથી કઈ શ્રેષ્ઠ છે? એ વ્યક્તિવિશેષ પર નિર્ભર કરે છે. કોઈ માટે મનન શ્રેષ્ઠ છે, તો કોઈ માટે અનુસરણ વધુ સરળ. કોઈને અનુભવથી જ શીખવું ગમે છે, તો કોઈ બીજાના અનુભવમાંથી શીખ prefers કરે છે. છતાં, માનવામાં આવે છે કે મનનમંથનથી મળેલું જ્ઞાન શ્રેષ્ઠ છે, અનુસરણથી મળેલું સરળ છે અને અનુભવથી મળેલું કડવું છે પણ હકીકતમાં ખૂબ અસરકારક છે.

શિક્ષણપ્રણાલી, જીવનશૈલી અને વ્યવસાયના દરેક ક્ષેત્રમાં આ ત્રણેય રીતોનું મહત્વ છે. શિક્ષક બાળકોને વિચારવા શીખવે તો તેઓ મનનમંથનથી શીખે. વિદ્યાર્થી ગુરુજનોને અનુસરે તો અનુસરણ થાય. જીવનમાં જ્યારે પોતે નિષ્ફળતા ભોગવે ત્યારે અનુભવથી જ્ઞાન મળે.

વિદ્વાનો કહેશે કે "શ્રેષ્ઠ શીખવું હોય તો વિચાર કરો", સંતો કહેશે "સારા લોકોને અનુસરો", અને સમય કહેશે "જેમ આપણે કરીએ તેમ આપણે શીખીએ". દરેક જણ પોતપોતાના અનુભવોથી શીખે છે, પણ જો આ ત્રણે રીતોને સમજૂતીથી અપનાવીએ, તો જ્ઞાનસાગર પાર કરવો સરળ બને.

આથી, મનન કરો, અનુસરો અને અનુભવમાંથી શીખો - ત્રણેય માર્ગ જીવનને પ્રકાશિત કરે છે.

"જ્ઞાન ત્રણ રીતે મળી શકે છે."

1. મનનમંથનથી મળતું જ્ઞાન સૌથી શ્રેષ્ઠ હોય છે.

- મતલબ કે વિચાર કરીને, ચર્ચા કરીને મળેલું જ્ઞાન ઊંડું અને સ્થિર હોય છે.

2. અનુસરણથી મળતું જ્ઞાન સરળ હોય.

- અન્યને અનુસરીને મળેલું જ્ઞાન સરળતાથી સમજાઈ શકે છે.

3. અનુભવથી મળતું જ્ઞાન સૌથી કડવું હોય છે.

- પોતાનું જ અનુભવ કરવાથી મળતું જ્ઞાન તીખું અને અસરકારક પણ હોય છે, પણ તે થોડું કઠોર હોય છે.

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Find on Google
Parth Patel
647 655 5029




# ઓન્ટેરિયો ઈમિગ્રન્ટ નોમિની પ્રોગ્રામ (OINP) ના કેટલાક અરજદારો હવે પ્રાંતીય નામાંકન માટેની તેમની અરજીઓ પરત જોઈ શકે છે

1 જુલાઈ, 2025 થી અસરકારક, ઈમિગ્રેશન, તાલીમ અને કુશળતા વિકાસ દ્વારા લાગુ કરાયેલા નવા નિયમો પ્રાંતની ઈમિગ્રેશન ઓથોરિટીને પ્રાંતિક નોમિની પ્રોગ્રામ (પીએનપી) કેવી રીતે કાર્ય કરે છે તેની નવી પ્રક્રિયાઓ રજૂ કરીને ઓઆઈએનપી પર વધુ નિયંત્રણ આપશે.

1 જુલાઈ સુધી OINP માં ફેરફાર,

પ્રાંતીય નામાંકન આપવામાં આવે તે પહેલાં હવે અરજીઓ પરત કરવાનો અધિકાર છે;

હવે "એમ્પ્લોયર અને વિદેશી રાષ્ટ્રીય અરજદારો" માટે વ્યક્તિગત ઈન્ટરવ્યુની જરૂર પડશે, જ્યાં જરૂરી હોય ત્યાં ઉપલબ્ધ રહેવાની સગવડ;

પ્રારંભિક બાળપણના શિક્ષકો માટે માનવ મૂડી અગ્રતા (એચસીપી) અને ફ્રેન્ચ ભાષી કુશળ કાર્યકર (એફએસએસડબ્લ્યુ) પ્રવાહો દ્વારા અરજી કરવા માટે શિક્ષણની આવશ્યકતાઓમાં ઘટાડો થયો છે ; તેના નવા ઈલેક્ટ્રોનિક એમ્પ્લોયર પોર્ટલને લોન્ચ કર્યું છે, તેના એમ્પ્લોયરને સંક્રમિત કરવા માટેનું અંતિમ પગલું: જોબ ઓફર સ્ટ્રીમ્સને એમ્પ્લોયર-આગેવાની હેઠળની એપ્લિકેશન પ્રક્રિયામાં; અને

હવે પ્રાંતની જોબ માર્કેટની જરૂરિયાતોના જવાબમાં ઈમિગ્રન્ટ નામાંકન પ્રવાહો સ્થાપિત કરવા અથવા દૂર કરવાની ક્ષમતા હશે.

નવા એમ્પ્લોયર પોર્ટલના લોકાર્પણ સાથે, તમામ હાલના ઈઓઆઈ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. ધ્યાનમાં લેવા માટે, વિદેશી નાગરિકે નવા EOI સબમિટ કરવા માટે તેમના એમ્પ્લોયર સાથે કામ કરવું આવશ્યક છે. ઓઆઈએનપી અને/ અથવા તેમના પ્રતિનિધિઓને અરજદારો હવે તેમની અરજી પરત આવે તો પ્રોગ્રામ તરફથી સૂચના પ્રાપ્ત કરશે.




ROYAL LEPAGE

Flower City Realty

BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED



REAL ESTATE

# MANISH PATEL

HELPING YOU IS WHAT WE DO

**Specialized in Pre-Construction & Assignment Sales**

## *SALES REPRESENTATIVE*

Cell : 416 - 992 - 0214

Email : realtormanishg@gmail.com

***www.FlowerCityRealty.com***

| | |
|---|---|
| **BRAMPTON** | 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2 |
| **MISSISAUGA** | 30 Topglight Dr. Suite 12, L5S 0A8 |

# વૈષ્ણવ થવા શું કરવું ?



લેખક- શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત

પહેલાં એ પૂછો વૈષ્ણવ થવા શું નહિ કરવાનું ?

'એ અભિગમ પણ સારો છે. ઘરમાંથી કચરો કાઢીએ એટલે ઘર આપમેળે ચોખ્ખું થાય.'

'તમે શ્રીમહાપ્રજીને તો જાણોને ?

'હાસ્તો, એ તો આપણા ગુરુ છે. પુષ્ટિમાર્ગના સ્થાપક છે.'

'શ્રીમહાપ્રભુજી એક વખત કનોજ પધારેલા. ત્યારે કનોજમાં શ્રીભાગવતના પ્રખ્યાત કથાકાર હતા પદ્મનાભદાસજી. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા - વૈષ્ણવ બન્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને પૂછયું : 'વૈષ્ણવ બન્યા પછી હવે મારે શું કરવાનું ?'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'પહેલાં એ પૂછો કે વૈષ્ણવ બન્યા પછી શું નહિ કરવાનું ? તમે શ્રીભાગવતની કથા કરી, તમારા કુટુંબનો જીવનનિર્વાહ કરો છો, શ્રીભાગવત તો શ્રીપ્રભુનું સાક્ષાત નામાત્મક સ્વરૂપ છે. પેટ ભરવા શ્રીભાગવત વાંચવું એ શ્રીપ્રભુના સ્વરૂપનો વેપાર કરવા જેવું છે માટે શ્રીભાગવત જીવન નિર્વાહાર્થે ન વાંચશો.'

'આપણા સ્વાર્થ માટે ભગવાનના નામ અને સ્વરૂપનો ઉપયોગ ન કરવો, એમ જ ને ?'

'હા, આપણે ગમે તે વર્ણમાં જન્મ્યા હોઈએ, પણ આપણામાં વણિકવૃત્તિ રહેલી છે.'

'ઓછામાં ઓછી મૂડીના રોકાણથી વધુમાં વધુ નફો મેળવવો. સામેની વ્યક્તિના હિત કે સુખનો વિચાર ન કરતાં, તેના ભોગે પોતાનું હિત કરવા કે સુખ મેળવવા મથવું-આને જ તમે વણિકવૃત્તિ કહો છો ને ?'

'હા, આવી વણિકવૃત્તિ અને ભક્તિને બારમો ચંદ્રમા છે.'

'કેવી રીતે ?'

'ભક્તિનું મૂળભૂત લક્ષણ છે, શુદ્ધ અને નિઃસ્વાર્થ સ્નેહ. સ્વાર્થનો કે વળતર મેળવવાનો લવલેશ વિચાર કર્યા વિના, સ્નેહીના સુખ ખાતર મરી ફીટવાનો વિચાર અને એ વિચારને અમલમાં મૂકવાનું વર્તન એટલે ભક્તિ, ગુજરાતી. સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણી આ વાતને સરસ દૃષ્ટાંત આપીને સમજાવે છેઃ 'પ્રેમનો લાડુ વાતો કરવાના પોચટ પાણીથી બંધાતો નથી. તે માટે તો જોઈએ તેમાં ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી.'

'બરાબર, આ જ વાત પ્રીતમ કવિએ જુદા શબ્દોમાં કહીઃ 'હરિનો મારગ છે. શૂરાનો, નહીં કાયરનું કામ જોને.' બીજા કવિએ પણ કહ્યું : 'રે શિર સાટે નટવરને વરીએ.' શ્રી દયારામભાઈના શબ્દો પણ યાદ આવે છે : 'જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. આજ સુધી આ બધી કવિતાઓ ભણતો. હતો, પણ તેનો સાચો અર્થ આજે થોડોક થોડોક સમજાવા માંડયો છે."

'તો આપણે જોયું કે ઘણું મેળવવા થોડુંક આપવું એ વણિકવૃત્તિ, જ્યારે કશુંય મેળવવાની લેવલેશ આશા રાખ્યા વિના, સર્વસ્વ આપી દેવું એ ભક્તિ. બંને આસમાન-જમીન જેટલી વિરોધી છે.'

'ગીતામાં ભગવાને આ વણિકવૃત્તિ અને તેનાં માઠાં પરિણામો ઓછામાં ઓછા શબ્દોમાં સમજાવી દીધાં છે. ભગવાન આજ્ઞા કરે છેઃ મનુષ્ય વિષયસુખોનો વિચાર કરે છે - 'ધ્યાયતો વિષયાન પુંસઃ' તે પામવા અન્યનો સંગ કરે છે. સંગમાંથી કામ જન્મે છે. કામતૃપ્તિ ન થતાં ક્રોધ થાય છે, ક્રોધમાં વિવેક ભુલાય છે અને વિવેક ભુલાતાં ગુરુ અને શાસ્ત્રોની આજ્ઞાની અવગણના થવાથી આપણી બુદ્ધિ નાશ થાય છે - જેની બુદ્ધિનાશ થાય તેનો શતમુખ વિનિપાત જ હોય.' આમ, વિષયસુખોનો વિચાર એ વણિકવૃત્તિનું મૂળ. એને પામવા ભક્તિનો દુરુપયોગ એ આપણો વિવેકનાશ. પરિણામે આપણે શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રોના સાર રૂપે બતાવેલ ભક્તિમાર્ગની સદંતર અવગણના કરતા રહ્યા. એના પરિણામે આપણો વિનિપાત-બાવાનાં બે ય બગડયાં - ન લૌકિક સુધર્યું, ન ભક્તિ સાંપડી. માટે જ શ્રીદયારામભાઈ કહે છેઃ 'વૈષ્ણવ નથી થયો તું રે.'

'વાત હવે બરોબર સમજમાં આવી. વૈષ્ણવ બનવા માટે આપણી વણિકવૃત્તિ સૌ પ્રથમ છોડવી રહી, એમ જ ને ? પવિત્ર સ્થાનોમાં જોડા પહેરીને ના જવાય. સુંદર બંગલામાં કોલસાની વખાર ના કરાય.'








Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com


Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 I Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB





HOMELIFE
HIGHER STANDARDS

HOMELIFE/MIRACLE REALTY LTD.
Brokerage, Independently Owned & Operated



**SANJU PATEL**
Broker

Direct 647-721-0491
Office 905-454-4000
Fax 905-463-0811
Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

# Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more



CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707

**પ્રેમ અતુટ હોવો જોઈએ. અખંડ હોવો જોઈએ. રાધા અને કૃષ્ણ બંનેના જીવન માર્ગ ફંટાઈ ગયા પણ પ્રેમની એવી ગરિમા સાચવી કે તેમનો પ્રેમ વિશ્વમાં અજોડ છે**

# પ્રેમ

લેખક- નિર્મળાબેન દરજી
કેનેડા

પ્રેમ એટલે શું ? પ્રેમ શબ્દ આપણે અને છીછરો બનાવી દીધો છે. કે પ્રેમ શબ્દ બોલતાં પણ આપણે શરમ અનુભવીએ છીએ.

એનું કારણ ફિલ્મમાં નાટક અને નાટિકા ઝાડની આજુબાજુ ગોળ ફરે અને ગીતો ગાય એને જ આપણે પ્રેમ કહીએ છીએ અથવા તો યુવક, યુવતી કોલેજોમાં રોમાન્સ કરે એને જ આપણે પ્રેમ કહીએ છીએ પરંતુ પ્રેમ એ નથી.

પ્રેમ એટલે માતા-પિતાનું સંતાન તરફનું જતન એ પ્રેમ છે. ભાઈ બહેનનો પવિત્ર સબંધ એ પ્રેમ છે. પતિ-પત્નીનું સુંદર દાંમ્પત્ય જીવન એ પ્રેમ છે. બે મિત્ર વચ્ચેની દોસ્તી, ગુરૂ શિષ્યનો નિર્વયાજ પ્રેમ સંબંધ, નર-નારાયણ, ભક્ત અને ભગવાનની ભક્તિનો સંબંધ એ પણ પ્રેમ છે આ પ્રેમની કોઈ વ્યાખ્યા નથી. પ્રેમ એ તો જીવવાની અને જીરવવાની વસ્તુ છે. એ મનનો ભાવ છે હ્રદયની સંવેદના છે. પ્રેમ એ તો આંખોના પડદા પર ઝીલાય છે. અને દિલના પાના પર લખાય છે.

પ્રેમ એટલે લાગણી જ્યાં લાગણીમાં લાગ પણ નથી અને ગણિત પણ નથી. પ્રેમમાં લાગ, તક, મોકો કે ચાન્સની જરૂર નથી. જ્યાં મેં કેટલું આપ્યું ? અને તે કેટલું આપ્યું ? તેનો કોઈ સરવાળો કે ગણિત હોતું જ નથી. પ્રેમ તો વસંતઋતુનો પર્યાય છે.

આવો પ્રેમ ઈતિહાસના પાના પર ઠેર ઠેર પધરાયેલો જોવા મળે છે. એ ચરિત્ર અને પાત્રોને સમજવાનો પ્રયાસ કરીએ.

મેનકાના નૃત્યમાં વિશ્વામિત્રનો ખોવાયેલો ગાયત્રીમંત્રી એટલે પ્રેમ છે. વિશ્વામિત્ર એટલે જેમને રામ-લક્ષ્મણને જ્ઞાન આપ્યું. રામ લક્ષ્મણના જ્ઞાનગુરૂ એવા મહર્ષિ પંડિત અને જેમને વિશ્વનો પ્રથમ મંત્ર ગાયત્રીમંત્રના આધ્યમંત્ર દ્રષ્ટા છે. એવા વિશ્વામિત્ર અને મેનકાના સબંધને પ્રેમનું નામ આપી શકાય. અહીંયા વિશ્વામિત્ર પોતાનું જ્ઞાન, પંડિતાઈ બધુ જ ભુલી ગયા છે. એટલે કે માણસ પોતાના અસ્તિત્વને ઓગાળી નાખે છે. અહંકાર ભુલી જાય છે. ત્યારે પ્રેમની શરૂઆત થાય છે. આ પ્રેમ કોઈ પતન નથી કે વિશ્વામિત્રને મેનકા તરફ આકર્ષણ થયું તેથી તેમનું પતન થયું. ના, પ્રેમમાં ક્યાય પતન થતું જ નથી. પ્રેમમાં પડવાનું નથી. ઉંચે ઉઠવાનું છે. પ્રેમ ક્યારેય પતન તરફ લઈ જતો નથી. વિશ્વામિત્ર અને મનકાના પ્રેમથી શકુન્તલાનો જન્મ થયો. શકુન્તલાને દુષ્યંત સાથે પ્રેમ થયો. ત્યારે વીર અને શૌર્યવાન બાળક ભરતનો જન્મ થયો અને તેના નામ પરથી આજે આપણા દેશનું નામ ભારત પડ્યું છે.

પ્રેમ એ રૂપ નથી સ્વરૂપ છે. પોતાના સ્વરૂપને સામેની વ્યક્તિમાં જોવાની શરૂઆત થાય ત્યારે પ્રેમ શરૂ થાય છે.

રામ મર્યાદાપુરુષોત્તમ ગણાય છે. તેમણે ક્યારેય મર્યાદા છોડી નથી. સીતાના વિરહમાં તે વનના એક એક વૃક્ષને આંખોમાં અશ્રુ સાથે પુછે છે કે મારી સીતા ક્યાં છે ? મારી સીતાને જોઈ છે ? એ જ રામ જ્યારે સીતાને ત્યાગ કરે છે પરંતુ હ્રદયમાંથી સીતાનો ત્યાગ નથી કરતા એક રાજા તરીકે સીતાનો ત્યાગ કરે છે.



**મેનકાના નૃત્યમાં વિશ્વામિત્રનો ખોવાયેલો ગાયત્રીમંત્રી એટલે પ્રેમ છે. વિશ્વામિત્ર એટલે જેમને રામ-લક્ષ્મણને જ્ઞાન આપ્યું. રામ લક્ષ્મણના જ્ઞાનગુરૂ એવા મહર્ષિ પંડિત અને જેમને વિશ્વનો પ્રથમ મંત્ર ગાયત્રીમંત્રના આધ્યમંત્ર દ્રષ્ટા છે. એવા વિશ્વામિત્ર અને મેનકાના સબંધને પ્રેમનું નામ આપી શકાય**

**પ્રેમ એ આત્મા સાથે જોડાયેલો છે. નહીં કે શરીર સાથે. પ્રેમની કોઈ ભાષા નથી છતાંય સમજાય છે. કોઈ આકાર નથી છતાંય સ્પર્શ અનુભવાય છે**

પરંતુ અશ્વમેઘયજ્ઞ વખતે એ જ સીતાની સોનાની પ્રતિમા બનાવી પાતાની બાજુમાં મુકાવી જગતને પુરવાર કરી બતાવી દે છે કે સીતાનું સ્થાન તો મારા હ્રદયમાં છે. ભલે એ હાજરાહજુર નથી પરંતુ તે સદૈવ ચિરંજીવી બની આપણા હ્રદયમાં, સ્મરણમાં રહે ત્યારે તે પ્રેમ છે.

સત્યભામાની જીદ પુરી કરવા સ્વયંશ્રી કૃષ્ણ સ્વર્ગમાંથી પારિજાતનું વૃક્ષ લાવે છે. તે પ્રેમ છે. અહીંયા પ્રેમમાં નિર્દોષતા છે. નિખાલસતા છે. પારદર્શક્તા છે. આપણે જાણીએ છીએ કે શ્રી કૃષ્ણ એટલે જ્ઞાની પુરુષ, ગુતાનું જ્ઞાન આપી આખા જગતને માર્ગદર્શન પુરુ પાડનાર, બધા જ રાજાઓને રાજ્યકારભાર વિષેની સમજ આપનાર મહાન હતા. ત્યારે અઢાર વર્ષની કન્યા સત્યભામા પારિજાતના વૃક્ષ માટે જીદ કરે છે. શ્રી કૃષ્ણ તેમની પંડિતાઈથી સમજાવી શક્તા હતા કે પૃથ્વી પર આ પારિજાતનું વૃક્ષ ક્યાંય નથી. પણ ના તે વ્યક્તિ સાથે એકરૂપ થઈ પોતાની પંડિતાઈને એક બાજુ મુકીને ઈન્દ્ર સાથે યુદ્ધ કરી પારિજાતનું વૃક્ષ લાવી આપે છે. આ એકરૂપતા કહેવાય અહિંયા સત્યભામાની નિર્દોષતા દેખાય છે. અને પારદર્શિતાના દર્શન થાય છે.

પ્રેમમાં સહજ બનવાનું હોય છે. માત્ર સુખ અને ભોગ ભોગવવા એ પ્રેમ નથી, પરંતુ બંને સાથે મળીને એક દિશામાં જવું એ પ્રેમ છે.

પ્રેમમાં સહનશિલતા હોય છે. મીરાનો પ્રેમ કે જેણે કૃષ્ણને જોયા પણ નથી. છતાંય મેરો તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ એમ માની ઝેરને પણ અમૃત સમાન ગણી પી લે છે તેને પ્રેમ કહવાય છે.

પ્રેમ એટલે રસખાન એક મુસ્લિમ કે જેને કૃષ્ણ ભક્તિના સેંકડો ભજનો લખ્યા છે. તેઓ કૃષ્ણ પ્રેમમાં એટલા પાગલ હતા કે પૃષ્ટીમાર્ગની દિક્ષા લઈ રાધા કૃષ્ણના પ્રેમના ભજનો લખવામાં લીન રહેતા.

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવા માટે બધી જ રીતે યોગ્ય, હકદાર, દાવેદાર હોવા છતાં સરદાર જ્યારે વચ્ચેથી હટી જાય છે ત્યારે એ સરદારનું મૌન એ પ્રેમ છે. પ્રેમમાં ક્યારેય નાત, જાત, ધર્મની દિવાલો આડે આવતી નથી. પ્રેમથી ઉંચો કોઈ ધર્મ જ નથી.

જીવનમાં સરતાલની સરગમ રેલાય, મધુર સંગીત છેડાય, ફુલોની ફોરમ ફેલાય અને સંગીનતા ચારેબાજુ છલકાય એવું દેખાય ત્યારે સમજાય કે આ પ્રેમ છે.

પ્રેમ અતુટ હોવો જોઈએ. અખંડ હોવો જોઈએ. રાધા અને કૃષ્ણ બંનેના જીવન માર્ગ ફંટાઈ ગયા પણ પ્રેમની એવી ગરિમા સાચવી કે તેમનો પ્રેમ વિશ્વમાં અજોડ છે. પ્રેમની અખંડધારા એટલે રાધા.

સોનાના શોરૂમ ધરાવતા છોકરા સાથે કેટલીય કન્યાઓ પ્રેમના નામે ઘરબાર છોડીને ભાગી જાય છે. જ્યારે સોનાની નગરી ધરાવતો રાજા, પોતાનો પ્રિયતમને છોડીને ગોકુળમાંથી ડગલું પણ આગળ જતા નથી. એ રાધાને પ્રેમ છે.

પ્રેમ તો એક ખુબસુરત અહેસાસ છે. પ્રેમમાં ક્યારેય માંગણી ન હોય, વગર માગ્યે પણ પ્રેમનો સાગર મળી જાય છે. જાણી જોઈને પીવાતા ઝેરને અમૃત કરે તે પ્રેમ છે. સળગતા હાથની મસાલના અજવાળે રાસલીલાના દર્શન કરે તે પ્રેમ છે. સળગતા હાથની મસાલના અજવાળે રાસલીલાના દર્શન કરે તે પ્રેમ છે. સમસ્તના સ્વીકાર સાથે સ્વનું સમર્પણ એ પ્રેમ પ્રેમ રડતા ને નાચતા શીખવે છે. પ્રેમ મળતાને જીવતા શીખવે છે. પ્રેમ એટલે રાધા કૃષ્ણનું શુદ્ધ હ્રદય સમર્પણ છે. સ્વાર્થ નથી. કૃષ્ણનું નામ સદાય હ્રદયમાં ગુંજે એ પ્રેમ છે. પ્રેમ અનંત છે. પ્રેમ કેવળ શબ્દોની માયાજાળ નથી. પ્રેમ તો આત્માનો સંવાદ છે.

પ્રેમ એ આત્મા સાથે જોડાયેલો છે. નહીં કે શરીર સાથે. પ્રેમની કોઈ ભાષા નથી છતાંય સમજાય છે. કોઈ આકાર નથી છતાંય સ્પર્શ અનુભવાય છે.

આવા પ્રેમને આપણા જીવનમાં લાવી સાચી વસંત ઉજવીએ.

**પ્રેમ એટલે રસખાન એક મુસ્લિમ કે જેને કૃષ્ણ ભક્તિના સેંકડો ભજનો લખ્યા છે. તેઓ કૃષ્ણ પ્રેમમાં એટલા પાગલ હતા કે પૃષ્ટીમાર્ગની દિક્ષા લઈ રાધા કૃષ્ણના પ્રેમના ભજનો લખવામાં લીન રહેતા**

# મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસની જન્મ જયંતિ એટલે ગુરુ પૂર્ણિમા



લેખક - ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
સંગીતકાર

ગુરુ પૂર્ણિમાનું પૌરાણિક માહાત્મ્ય..:-

ભારતીય સંસ્કૃતિમાં "ગુરુ "શબ્દ સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવેલો શબ્દ છે. "ગુ"નો અર્થ અંધકાર અને "રૂ " અર્થ અંધકાર દૂર કરનાર. આ તહેવાર હિન્દુઓ, શીખો, બૌદ્ધો અને જૈનો દ્વારા પોતાના ગુરુનો આદર અને સન્માન કરીને ઉજવવામાં આવે છે. આ દિવસે શિષ્યો દ્વારા આધ્યાત્મિક ગુરુનું સ્મરણ અને ભેટ આદિ વસ્તુ ગુરુ ચરણે અર્પણ કરીને ગુરુ પૂજન કરવામાં આવે છે. કેમ કે જીવનની સફળતા ભણી પહેલું ડગલું ભરવા પાછળ ગુરુ જવાબદાર હોય છે.

ગુરુનું મહત્વ આ શ્લોક દ્વારા સમજાવવામાં આવ્યું છે.

अज्ञान तिमिरान्धस्य ज्ञानाञ्जन शलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥

જે શિષ્ય ના અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરવા શિષ્યની આંખોમાં જ્ઞાનરૂપી સળીથી અંજન કરીને શિષ્યમાં જ્ઞાનનો દીપક પ્રગટાવીને આંખોને ખોલે છે તેને ગુરુ કહે છે.

ગુરુ પૂર્ણિમાનું પૌરાણિક મહત્વ:- શાસ્ત્રોમાં આષાઢ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાને " વ્યાસ પૂર્ણિમા" કે ગુરુ પૂર્ણિમા તરીકે પણ ઉજવવામાં આવે છે કેમ કે આજથી 3000 ઈસવીસન પૂર્વે આ દિવસે બ્રહ્મસૂત્ર, મહાભારત, શ્રીમદ્ ભાગવત અને આઠમ પુરાણ જેવા અદભૂત સાહિત્યની રચના કરનારા મહાન ગુરુ મહર્ષિ વેદ વ્યાસનો જન્મ થયો હતો. જેઓએ સર્વ પ્રથમ ગીતાનું જ્ઞાન આપ્યું હતું. તેમજ 18 પુરાણ અને 4 વેદોને પ્રકાશિત કરીને જગતને જ્ઞાનથી પ્રકાશિત કરી દીધું હતું.પુરાણો અનુસાર ભગવાન શિવજી પ્રથમ ગુરુ છે. તેઓએ પૃથ્વી પર સૌથી પહેલાં ધર્મ અને સભ્યતાનો પ્રચાર કર્યો હતો. તેથી તેઓને આદ્યગુરુ કે આદિગુરુ શંકર પિતા કહેવાય છે. શિવજીએ પરશુરામ અને શનિ દેવને પ્રથમ શિક્ષણ આપ્યું હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ગુરુની મહત્તા વર્ણવતો એક પ્રસંગ છે કે જ્યારેશ્રી કૃષ્ણ જ્યારે ગોલોક ગમન કરવાના હતા ત્યારે વ્યથિત અર્જુનને સાંત્વન આપતાં કહ્યું કે "તેઓ શ્રીમદ્ ભાગવતમાં સાક્ષાત સ્વરૂપે રહેશે અને ભગવાનના સહારે મનુષ્યો તેમની કૃપા મેળવી શકશે." આમ ભાગવતમાં તેમની સ્પષ્ટ આજ્ઞા છે કે "આચાર્ય ગુરુને મારું જ સ્વરૂપ સમજવું.

સ્વાધ્યાયના પ્રણેતા પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પ્રવચનના પ્રારંભે આ શ્લોકનું અવશ્ય પઠન કરે છે.

"વસુદેવ સુતં દેવં કંસ ચાણૂર મર્દનમ્
દેવકી પરમાનંદમ્, કૃષ્ણં વંદે જગદગુરુમ્ "

આમ ભગવાન શ્રી કૃષ્ણ તો આખા જગતના ગુરુ છે.

ગુરુ પરંપરા અને તેનો મહિમા:- ગુરુ મહિમા અપરંપાર છે. પ્રસ્થાપિત વેદ કાળથી પરંપરા છે. શ્રી રામચંદ્ર ભગવાનના ગુરુ વશિષ્ઠ વિશ્વામિત્ર હતા, શ્રી કૃષ્ણ-સુદામાના ગુરુ સાંદિપની હતા, શંકરાચાર્યના ગુરુ ગોવિંદાચાર્ય, કબીર સાહેબના રામાનંદ, પાંડવોના દ્રોણાચાર્ય, વિવેકાનંદના રામકૃષ્ણ પરમહંસ, દત્તાત્રેયના ૨૪ ગુરુ હતા. શીખ ધર્મમાં તો ગુરુ નાનકજીથી અદ્યાપિ એક આખી ગુરુ પરંપરા પ્રસિદ્ધ છે, જૈન ધર્મના નવકારમંત્રમાં પ્રચ્છન્ન ગુરુવંદના છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનના ગુરુ સ્વયં શ્રીકૃષ્ણ છે.

આ રીતે આપણા જીવનમાં ત્રણ ગુરુઓનું મહત્વનું સ્થાન છે.- (The three Gurus in our life)

1) માતા-પિતા - Parents

આપણા માતા-પિતા, જેઓ આપણામાં સારા સંસ્કાર કેળવે છે અને સમાજ સાથે ભળવામાં મદદ કરે છે તે આપણા પ્રથમ ગુરુ છે! તે આપણને સારી ટેવો અને સુંદર જીવન જીવવા માટે પ્રેરિત કરે છે.

2) શિક્ષકો - Teachers

આપણા શિક્ષકો, જે આપણને શ્રેષ્ઠ માનવી બનાવવા માટે ઘણું બધું શીખવે છે તે આપણા બીજા ગુરુ છે!આપણા શિક્ષકો અમને વિવિધ વિષયોનું જ્ઞાન આપે છે. તેઓ આપણને જીવનનો વ્યાપક દૃષ્ટિકોણ પૂરો પાડે છે કે આપણે આપણા રાષ્ટ્ર માટે જીવવું જોઈએ, આપણા માટે નહીં.

3) આધ્યાત્મિક ગુરુ - The Spiritual Guru

આધ્યાત્મિક ગુરુ આપણને આપણા જીવનનો સાચો અર્થ સમજાવે છે ગુરુ દરેકના જીવનમાં દેખાય છે,

આધ્યાત્મિક ગુરુ આપણી સાચી ઓળખ આપણને બતાવે છે.

ગુરુનાં લક્ષણો વિશે ટૂંકમાં એ જાણવું જરૂરી છે કે આપણે કોણે ગુરુ બનાવી રહ્યા છીએ !, કોઈના વિચારોથી, ચમત્કારોથી કે તેની આસપાસ ભક્તોની ભીડથી પ્રભાવિત થઈને તેને ગુરુ તો નથી બનાવી રહ્યા ને ! જો આવું હોય તો આપણે યોગ્ય માર્ગ પર નથી.

દાદા ભગવાનના ગુરુનાં લક્ષણો વિશે કહે છે કે"જ્યાં આપણું દીલ ઠરે તો એમને ગુરુ કરવા. દીલ ના ઠરે ત્યાં સુધી ગુરુ ન કરવા."

"ગુરુ આંખમાં સમાય એવા" એટલે કે આપણી આંખને બધી રીતે ફીટ થાય, એમની વાણી ફીટ થાય, એમનું વર્તન ફીટ થાય."

ગુરુ વિશે વિવિધ સંતો વિદ્વાનોના મંતવ્યો:- .

૧. જો કોઈ દુષ્ટ વ્યક્તિને ગુરુ પોતાનો શિષ્ય બનાવી લેશે તો ગુરુને શાંતિ નહીં મળે પરંતુ તેની બદનામી થશે.

(ચાણક્ય નીતિ. અધ્યાય ૧૨ શ્લોક ૪)

(૨) જે વ્યક્તિ એક સારો શિષ્ય બની શકતો નથી તે ક્યારેય એક સારો ગુરુ પણ બની શકતો નથી.

- એરિસ્ટોટલ.

(૩)"ગુરુ કુંભાર છે જેમ કુંભાર માટીના ઘડાને આકાર આપવા માટે બહારથી ચોટ કે હળવો પ્રહાર (થપકી) મારે છે પણ અંદરથી એક હાથ રાખીને તેને સહારો આપે છે તેમ ગુરુ બહારથી કડક વલણ રાખે છે પણ ભીતરથી સ્નેહ રૂપી હાથ રાખીને શિષ્યના વ્યક્તિત્વનું ઘડતર કરે છે."

- સંત કબીર

(૪)"ગુરુ વિના કોઈ ભવ સાગર તરી શકતું નથી ભલે ને એ બ્રહ્મા વિષ્ણુ કે મહેશ જ કેમ ન હોય.?".

સંત તુલસીદાસ. ( રામચરિત માનસ).

(૫)હરેક ઈન્સાન કો ઉસકે નસીબ પર છોડ દો ,જો ભાગ્ય મેં લીખા હૈ ઉસે કોઈ નહીં બદલ સકતા."

બ્રહ્મલીન પૂજ્ય નર્મદાગીરીજી મહારાજ

(પંચમુખીહનુમાન ,અઘોરીબાવાઅખાડા,પાટણ.)

"જે શિષ્યને ગુરુના વચનોમાં વિશ્વાસ નથી તેને સ્વપ્નમાં પણ સરળતાથી સુખ સમૃદ્ધિ પ્રાપ્ત થતી નથી". બ્રહ્મલીન પૂજ્ય વૈષ્ણવ શ્રી લક્ષ્મણ દાસજી મહારાજ.(બાલાજી મંદિર,પાટણ)

(૬)."આત્મ કલ્યાણનો સાચો રાહ તો માત્ર સદગુરુ જ બતાવી શકે છે માટે દરેકે ગુરુ તો કરવા જ જોઈએ નગુરા ન રહેવું."

સ્વામી રાજર્ષિ મુનિ.

(લાઈફમિશન, કાયાવરોહણ, વડોદરા)

શિષ્યના ગુણો વિશે દાદાભગવાન કહે છે કે " એના ગુરુ ગાંડા કાઢે તોય પણ શ્રદ્ધા ઊઠે નહીં, એનું નામ શિષ્ય કહેવાય ! "

ગુરુની આજ્ઞાને સર્વદા શિરોધાર્ય કરે તે શિષ્યના ગુણને પૂજ્ય પ્રમુખ સ્વામીના પ્રસંગ દ્વારા આવો સમજીએ. પ્રમુખ સ્વામીનો ગુરુ પ્રત્યેનો પ્રેમ અલૌકિક અને અનન્ય હતો. જયારે શાસ્ત્રીજી મહારાજ તેમના શિષ્યો સાથે ગામની મુલાકાતે પધાર્યા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તેમની સાથે સમય વિતાવ્યો હતો.

જયારે તેઓ 17 વર્ષની ઉંમરના હતા, ત્યારે તેમના ગુરુ, શાસ્ત્રીજી મહારાજે તેમને સ્વામીનારાયણ ભગવાનના સાધુના રૂપમાં દીક્ષા લેવા માટે પત્ર લખ્યો. તેમણે માતા-પિતાની અનુમતિ અને આશીર્વાદ મેળવી જરા પણ વિચાર કર્યા વિના એજ દિવસે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાને માથે ચડાવી ઘર છોડી ગયા. અંતમાં મારા લેખની પૂર્ણાહુતિ સ્વરચિત ગીતથી કરીશ. ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુ ભક્તોને મારા જય ગુરુ..

ગુરુની પ્રેમની વાણી  અમોને યાદ રહી જાશે,
ગુરુની પ્રેમ આશિષો  અમોને યાદ રહી જાશે....
પુરાણોમાં અમર બની ગયો
એકલવ્ય તો,
ગુરુની મૂર્તિની પાસે તીરંદાજી ચલાવતો,
ગુરુ કાજે અંગૂઠાની કુરબાની યાદ રહી જાશે..
કદીયે ના ભુલાયે જિંદગીમાં  ગુરુ પૂર્ણિમા;
ભરીદ્યો જ્ઞાનનો સાગર અમારી ઊર્મિઓમાં,
ગુરુની લાગણીઓની સરિતા યાદ રહી જાશે..
ગુરુની પ્રેમ ની વાણી
અમોને યાદ રહી જાશે.

# પીત્તને શાંત રાખવા માટે ઘણા ઘરગથ્થુ ઉપચારો



લેખક - દીનાબેન ગોપાણી
કેનેડા

અહીં કેટલાક સૌથી સામાન્ય ઉપચારો આપ્યા છે.

લીંબુ પાણીઃ લીંબુ પાણી પીત્તને શાંત કરવા માટે એક સરળ અને અસરકારક ઉપાય છે. દરરોજ સવારે ખાલી પેટે એક ગ્લાસ લીંબુ પાણી પીવો.

દહીંઃ દહીંમાં પ્રોબાયોટિક્સ હોય છે જે પાચનને સુધારવામાં મદદ કરે છે અને પીત્તને શાંત કરે છે. દરરોજ 1-2 કપ દહીં ખાઓ.

કોથમીરઃ કોથમીરમાં એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણધર્મો હોય છે જે પીત્તને શાંત કરવામાં મદદ કરે છે. 1 કપ ગરમ પાણીમાં 1 ચમચી કોથમીર પાવડર ઉમેરીને પીવો.

લસણઃ લસણમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ હોય છે જે પીત્તને શાંત કરવામાં મદદ કરે છે. 1-2 લસણની કળીઓ ખાઓ અથવા 1 ચમચી લસણનો રસ પીવો.

આદુઃ આદુમાં એન્ટિ-ઈન્ફ્લેમેટરી અને એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મો હોય છે જે પીત્તને શાંત કરવામાં મદદ કરે છે. 1-2 ચમચી આદુનો રસ પીવો અથવા 1 ચમચી આદુનો પાવડર ખાઓ.

આમળાઃ આમળામાં વિટામિન સી અને એન્ટિ-ઓક્સિડન્ટ્સ હોય છે જે પીત્તને શાંત કરવામાં મદદ કરે છે. 1-2 ચમચી આમળાનો રસ પીવો અથવા 1 ચમચી આમળાના પાવડરનો સેવન કરો. આ ઉપચારો ઉપરાંત, પીત્તને શાંત રાખવા માટે તમારે તમારા આહારમાં પણ ફેરફાર કરવાની જરૂર પડી શકે છે.

નીચેના ખોરાકથી દૂર રહોઃ
તળેલ ખોરાક
મસાલેદાર ખોરાક
ખાંડયુક્ત ખોરાક
આલ્કોહોલ
માંસાહાર
ચા, કોફી

આ ખોરાક પીત્તને વધુ બગાડી શકે છે.

# વાસ્તુમાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવતું બ્રહ્મસ્થાન





જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી
કેનેડા

બ્રહ્મસ્થાન જે વાસ્તુમાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે જેમ કે સજીવ વાસ્તુમાં આપણી નાભી ખૂબ જ અગત્યની છે તે પ્રમાણે ઘરની નાભિ એટલે કે બ્રહ્મસ્થાન જો તમારા ઘરનો બ્રહ્મસ્થાન તમારા ગણિત પ્રમાણે નક્કી કરો અને તે સ્થાન રોજ નિયમિત જાત કરો તો તમારા ઘરનું અને ઘરમાં રહેતા સભ્યનું સેન્ટર ધીમે ધીમે શુભ પરિણામમાં બદલાતું અનુભવ કરી શકશો તો ચાર્જ કઈ રીતે કરવું તે આપણે જોઈએ તમારે તમારા ઘરના બ્રહ્મસ્થાન ઉપર વધુ વજનવાળી વસ્તુ હટાવી લેવી અને ચોખ્ખી રાખવી તે જગ્યા ખુલ્લી રાખવી ત્યાં એ તુલસીનો છોડ મૂકવો અથવા સ્વસ્તિકનો સિમ્બોલ મૂકવો પરંતુ આ વસ્તુ તમારા કમરની ઊંચાઈની હોવી જરૂરી છે જેથી પવિત્ર એનર્જી તેનું કાર્ય કરી શકે સાથે રોજ નિયમિત ત્યાં દીપક સળગાવી ધરતી માતાનો આભાર માનવો તમારી જાતનો આભાર માનવો અને પ્રાર્થના સ્વરૂપે તમારી અથવા ઘરના સભ્યો માટે જે કંઈ ઈચ્છા હોય તે નવ વખત બોલવું આમ કરવાથી શું પરિણામ તમારી સાથે આવતું બેઠા છે આપણે આગળ ના અંકમાં વાત થયા પ્રમાણે જો આ બ્રહ્મ સ્થાનનો સર્જન પરમાત્માએ કર્યું છે અને દરેક જીવના લાભ માટે એને તમારા જન્મ પહેલા જ સમૃદ્ધિ સર્જી લીધી છે ફક્ત એનો લાભ ક્યારે અને કઈ રીતે લેવો એ આપણી સમજ ઉપર આધાર રાખે છે કારણ કે પર્યાવરણમાં તમારા જીવને સમૃદ્ધ બનાવવા માટે અખૂટ ઉર્જા ઉપલબ્ધ છે જીવન છે તો નાની મોટી ઉપાધિ તો આવતી રહેશે તે બાબત માટે જ્યોતિષી તથા વાસ્તુને નિમિત ના બનાવવું જોઈએ.




# આતંકી તહવ્વુરની જ્યુડિશિયલ કસ્ટડી 13 ઓગસ્ટ સુધી લંબાઈ : NIAએ પણ સપ્લીમેન્ટ્રી પણ દાખલ કરી; રાણા 26/11ના મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ

દિલ્હીની NIA કોર્ટે 26/11 મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાની ન્યાયિક કસ્ટડી 13 ઓગસ્ટ સુધી લંબાવી છે. આ દરમિયાન રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ બુધવારે રાણા વિરુદ્ધ પૂરક ચાર્જશીટ દાખલ કરી છે. કોર્ટ આ ચાર્જશીટ પર 13 ઓગસ્ટે સુનાવણી કરશે.

રાણા વિરુદ્ધ આ બીજી ચાર્જશીટ છે. આ પહેલા પહેલી ચાર્જશીટ 2011માં દાખલ કરવામાં આવી હતી. જેમાં NIA એ રાણાને ડેવિડ હેડલી અને અન્ય આતંકવાદીઓ સાથે 26/11 હુમલાનો કાવતરાખોર ગણાવ્યો હતો.

અગાઉ 7 જુલાઈના રોજ NIA દ્વારા પૂછપરછ દરમિયાન રાણાએ મુંબઈ હુમલા સમયે મુંબઈમાં હોવાની અને પાકિસ્તાની એજન્ટ હોવાની કબૂલાત કરી હતી. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે તેણે હુમલો કરવામાં મદદ કરી હતી.

ઓક્ટોબર 2009માં અમેરિકાના શિકાગોમાં અમેરિકન એજન્સી FBI દ્વારા તહવ્વુરની ધરપકડ કરવામાં આવી હતી. રાણાને 10 એપ્રિલ 2025 ના રોજ એક ખાસ વિમાન દ્વારા અમેરિકાથી ભારત લાવવામાં આવ્યો હતો. 26/11ના મુંબઈમાં આતંકવાદી હુમલા દરમિયાન આતંકવાદી તહવ્વુર રાણા મુંબઈમાં હતો. NIA દ્વારા પૂછપરછ દરમિયાન તેણે આ વાત કબૂલી હતી. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, રાણાએ સ્વીકાર્યું છે કે તે પાકિસ્તાની સેનાનો એજન્ટ છે.



તેણે કહ્યું હતું કે તેણે ડેવિડ કોલમેન હેડલી સાથે પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના અનેક તાલીમ સેશનમાં હાજરી આપી હતી. રાણાએ એમ પણ કહ્યું હતું કે લશ્કર ખરેખર એક જાસૂસી નેટવર્કની જેમ કામ કરે છે. તપાસમાં સામેલ મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ હવે રાણાની ધરપકડ કરીને તેને રિમાન્ડ પર લેવાની તૈયારી કરી રહી છે. રાણા હાલમાં NIAની ન્યાયિક કસ્ટડીમાં છે, જેને દિલ્હીની એક કોર્ટે 9 જુલાઈ સુધી લંબાવી છે.

ઓક્ટોબર 2009માં અમેરિકાના શિકાગોમાં અમેરિકન એજન્સી FBI દ્વારા તહવ્વુરની ધરપકડ કરવામાં આવી હતી. રાણાને 10 એપ્રિલના રોજ એક ખાસ વિમાનમાં અમેરિકાથી ભારત લાવવામાં આવ્યો હતો. મુંબઈમાં ઈમિગ્રેશન સેન્ટર ખોલવામાં આવ્યું પૂછપરછ દરમિયાન રાણાએ જણાવ્યું હતું કે તેણે પોતાની યોજના મુજબ મુંબઈમાં પોતાની કંપનીનું ઈમિગ્રેશન સેન્ટર ખોલ્યું હતું, જેથી તેને હુમલાની તૈયારી માટે જગ્યા અને સુવિધાઓ મળી શકે. ત્યાં થયેલા વ્યવહારોને વ્યાવસાયિક ખર્ચ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. તેણે એ પણ સ્વીકાર્યું કે તે પોતે છત્રપતિ શિવાજી ટર્મિનસ જેવાં સ્થળોએ ગયો હતો અને એની રેકી કરી હતી.

# ટ્રમ્પે બ્રાઝિલ પર 50% ટેરિફ લગાવ્યો: કહ્યું- ત્યાં ફ્રી ઈલેક્શન પર હુમલો થઈ રહ્યો છે, પૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારો પરનો કેસ તરત સમાપ્ત કરો



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે બ્રાઝિલથી આયાત થતી ચીજવસ્તુઓ પર 50% ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. આ સંદર્ભે તેમણે ટ્રુથ સોશિયલ પર એક પત્ર શેર કર્યો હતો, જેમાં તેમણે બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને તેમના મિત્ર જેયર બોલ્સોનારો સામે ચાલી રહેલા કેસની નિંદા કરી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે બોલ્સોનારો સામે ચાલી રહેલો કેસ બ્રાઝિલ માટે “આંતરરાષ્ટ્રીય શરમ” છે, એ એક પ્રકારે “વિચ હન્ટ” (કોઈપણ નક્કર પુરાવા વિના આરોપો લગાવવા) છે.

બોલ્સોનારો પર 8 જાન્યુઆરી 2023ના રોજ બ્રાઝિલની રાજધાની બ્રાઝિલિયામાં થયેલાં રમખાણો માટે કથિત રીતે બળવાનો પ્રયાસ કરવાનો આરોપ છે.

ટ્રમ્પે કહ્યું, બ્રાઝિલમાં મુક્ત ચૂંટણીઓ પર હુમલો થઈ રહ્યો છે અને અમેરિકન લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણ મૂકવામાં આવી રહ્યું છે. આ કારણે 1 ઓગસ્ટ, 2025થી બ્રાઝિલથી અમેરિકા આવતાં તમામ ઉત્પાદનો પર 50% ટેરિફ લાદવામાં આવશે.”

ટ્રમ્પે લખ્યું, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારો બ્રાઝિલના આદરણીય નેતા હતા. તેમની સાથે જે રીતે વર્તન કરવામાં આવ્યું એ આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક છે. આ કેસ તાત્કાલિક સમાપ્ત થવો જોઈએ.”

તેમણે બોલ્સોનારોને આગામી ચૂંટણીમાં ભાગ લેતા અટકાવવાના બ્રાઝિલની સુપ્રીમ કોર્ટના આદેશો અને ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ અને રમ્બલ પર સેન્સરશિપના આદેશોનો પણ ઉલ્લેખ કર્યો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે 1 ઓગસ્ટથી વધુ 7 દેશ પર ટેરિફની જાહેરાત કરી છે. આ દેશોમાં ફિલિપિન્સ, બ્રુનેઈ, અલ્જેરિયા, મોલ્ડોવા, ઈરાક અને લિબિયાનો સમાવેશ થાય છે.

ટ્રમ્પે આ દેશોના નેતાઓને મોકલેલા સત્તાવાર પત્રમાં ટેરિફની વિગતો શેર કરી હતી. ઈરાક, અલ્જેરિયા અને લિબિયા પર સૌથી વધુ 30% ટેરિફ લાદવામાં આવ્યો હતો.

એ જ સમયે ફિલિપિન્સ, બ્રુનેઈ અને મોલ્ડોવા પર 25-25% ટેક્સ લાદવામાં આવ્યો હતો. ટ્રમ્પની આ જાહેરાત દક્ષિણ કોરિયા અને જાપાન સહિત 14 દેશો પર ટેરિફની જાહેરાત કર્યાના એક દિવસ પછી આવી છે.

સોમવારે ટ્રમ્પે બાંગ્લાદેશ અને જાપાન સહિત 14 દેશ પર ટેરિફ વધારવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે સોમવારે તમામ અસરગ્રસ્ત દેશોને આ નિર્ણયની જાણ કરતો ઔપચારિક પત્ર મોકલ્યો હતો.

આ નિર્ણય હેઠળ કેટલાક દેશો પર 25% કર લાદવામાં આવ્યો હતો, જ્યારે કેટલાક પર 30%થી 40% સુધીની ભારે ડ્યૂટી લાદવામાં આવી હતી. ટ્રમ્પે પહેલા દક્ષિણ કોરિયા અને જાપાનના નેતાઓને પત્રો મોકલીને કહ્યું હતું કે હવે તેમના દેશોમાંથી આવતા માલ પર 25% ડ્યૂટી લાદવામાં આવશે.

તેમણે લખ્યું છે કે આ કરવેરા જરૂરી છે, જેથી અમેરિકા અને આ દેશો વચ્ચેના વેપારમાં અસંતુલન દૂર થઈ શકે. આ ટેરિફ 1 ઓગસ્ટથી લાગુ કરવામાં આવશે. આ સાથે ટ્રમ્પે 1 ઓગસ્ટથી વૈશ્વિક ટેરિફ લાદવાની જાહેરાત કરી. અગાઉ ટ્રમ્પ 9 જુલાઈએ એની જાહેરાત કરવાના હતા.

# ઠાકરેને ધમકી, ભાજપ સાંસદે કહ્યું- ‘પટકી-પટકીને મારીશું’

## ભાષા વિવાદમાં નિશિકાંત દુબે બોલ્યા- ‘દરગાહ પાસે ઉર્દૂભાષીને મારીને બતાવો, પોતાના ઘરમાં કૂતરો પણ સિંહ હોય’

મહારાષ્ટ્રમાં ભાષા વિવાદમાં, ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ સોમવારે કહ્યું, ‘જો તમે તમારા મહારાષ્ટ્રમાં મોટા બોસ છો, તો બિહાર આવો, યુપી આવો, તમિલનાડુ આવો, પટકી-પટકીને મારીશું.’

તેમણે સમાચાર એજન્સી ANIને કહ્યું, ‘તમે હિંદી ભાષીને મારો છો, જો તમારામાં વધુ હિંમત હોય, તો ઉર્દૂ ભાષીઓ, તમિલો, તેલુગુઓને પણ મારો. તમે આ ધૃણાસ્પદ કૃત્ય કરતા રહો.’ ભાજપના સાંસદ દુબેએ રાજ ઠાકરેના એ નિવેદનનો જવાબ આપ્યો જેમાં રાજે કહ્યું હતું કે - મરાઠી ન બોલવા બદલ મારજો પણ વીડિયો ના બનાવશો.

નિશિકાંતે કહ્યું- દરગાહ પાસે ઉર્દૂભાષી વ્યક્તિને મારીને બતાવો દુબેએ કહ્યું- આ અરાજકતા નહીં ચાલે. અમે મરાઠીનું સન્માન કરીએ છીએ. અમે શિવાજી મહારાજ, તાત્યા ટોપે, તિલક, લજપત રાયનું સન્માન કરીએ છીએ. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે જે કરી રહ્યા છે તેનો અમે વિરોધ કરીએ છીએ.

દુબેએ કહ્યું- જો તેનામાં હિંમત હોય, તો તે નજીકના માહિમ વિસ્તારમાં જાય અને દરગાહ પાસે હિન્દી-ઉર્દૂ ભાષી વ્યક્તિને માર મારે, તો હું સ્વીકારીશ કે તે ખરેખર બાળાસાહેબ ઠાકરેનો વારસદાર છે અને તેમના સિદ્ધાંતોનું પાલન કરી રહ્યા છે.

રાજ ઠાકરેએ કહ્યું હતું- તમે કોઈને મારો તો વીડિયો ના બનાવો મહારાષ્ટ્રમાં હિન્દી પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ શનિવારે મુંબઈના વર્લી ઓડિટોરિયમ ખાતે ‘મરાઠી એકતા’ પર ‘મરાઠી વિજય રેલી’ યોજી હતી. બંનેએ 48 મિનિટ સુધી હિન્દી-મરાઠી ભાષા વિવાદ, મુંબઈ-મહારાષ્ટ્ર, ભાજપ અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું.

# ઉપરાષ્ટ્રપતિએ કહ્યું- જસ્ટિસ વર્મા કેસમાં તાત્કાલિક FIR જરૂરી

## રોકડ ક્યાંથી આવી તે જાણવું મહત્વપૂર્ણ

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે સોમવારે જસ્ટિસ વર્માના ઘરમાંથી મળી આવેલી બળી ગયેલી નોટોના કેસમાં તાત્કાલિક FIR દાખલ કરવાની માગ કરી હતી. તેમણે કહ્યું- આ માત્ર ચિંતાજનક નથી, પરંતુ તે આપણા ન્યાયતંત્રના પાયાને હચમચાવી નાખે તેવું છે.

આ મામલાના મૂળ સુધી પહોંચવાની જરૂર છે. એ જાણવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આ પૈસા ક્યાંથી આવ્યા. કેન્દ્રીય સ્તરે સરકાર લાચાર છે કારણ કે 90ના દાયકાની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટના આદેશને કારણે ન્યાયાધીશ સામે FIR દાખલ કરી શકાતી નથી.

ધનખરે નેશનલ એડવાન્સ્ડ લીગલ સ્ટડીઝ (NUALS) યુનિવર્સિટીના એક સેમિનારમાં આ વાત કહી.

ખરેખર, દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માના લુટિયન્સ દિલ્હી સ્થિત ઘરમાં 14 માર્ચની રાત્રે આગ લાગી હતી. તેમના ઘરના સ્ટોર રૂમમાંથી બળી ગયેલી 500 રૂપિયાની નોટોના બંડલો ભરેલી બોરીઓ મળી આવી હતી. આ પછી, સવાલ એ ઉભો થયો કે આટલી બધી રોકડ ક્યાંથી આવી.

તેમણે કહ્યું, “આ રોકડ ક્યાંથી આવી? શું આ કાળું નાણું છે? તે કોની માલિકીનું છે? આની તપાસ થવી જોઈએ. આ એક ગુનાહિત કૃત્ય છે, અને આ માટે તાત્કાલિક FIR દાખલ થવી જોઈએ.”